# SHRI M S P SANGH

OCT 2024 મુખપત્ર ISSUE 10


# NEW
# તરસ



"શિક્ષણ એજ સમાજોન્નતિનો સાચો પાયો છે"

# SHRI M S P SANGH

## MUKH PATRA

31st OCT 2024
YEAR 2 ISSUE - 10

**New તરસ**
**(સંપાદન સમિતિ)**

Founder Editor :
Shri Rajnickant Patel

Executive Editor :
Shri Hemant Magodia (Gujarati)
Dr Sonal Vahanwala (English)

Members
Shri Kanchanlal Manek - Managing Trustee
Shri Narendra Rathod - President

Administration, Content and Creatives by Team Digital Members :
Viresh Patel
Kashyap Sonawala

Printed and published by:
Shri M.S.P. Sangh
139, Kailash Puri,
Upper Govind Nagar, Malad (E),
Mumbai-400 097.
Whatsapp : 8779064525
E-mail : mspsangh@gmail.com
Website : www.mspsangh.orgfree.com

For Internal Circulation Only

# કૈલાશ પુરીની કેડીએથી...



**કંચનભાઈ માણેક**
મેનેજિંગ ટ્રસ્ટી

સંસ્થા ના ત્રિમાસિક ઈ-મુખપત્ર - New તરસ ને આપ સૌ એ આવકાર્યો છે તે બદલ આપ સૌ નો આભાર.

આપ સૌને જણાવતા આનંદ અનુભવીયે છીએ કે આપણા તરસમાં પ્રિન્સ. કે પી બારોટ ( નિલેશ) અને શ્રીમતિ અનસૂયાબેન બારોટના સહયોગથી વર્ષોથી 'તરસ'માં છપાતી student corner ઈ-અંકમાં પણ આપે છે . સમાજના વિદ્યાર્થી મિત્રો એનો લાભ લેશે જ, સભ્યોને વિનંતી કે યોગ્ય વિદ્યાર્થીઓ સુધી પહોંચાડશો, પ્રિન્સ. કે પી બારોટ ( નિલેશ) અને શ્રીમતિ અનસૂયાબેન બારોટનો ખુબ ખુબ આભાર

સંસ્થાના વર્તમાન ટ્રસ્ટ મંડળના સભ્યો, કારોબારી સમિતિ તેમજ શાખાઓ ના કાર્યકર્તા ખુબ જ મેહનત કરી રહ્યા છે, તેમનો ખુબ ખુબ આભાર.

મેનેજીંગ ટ્રસ્ટી

## પ્રમુખ સ્થાનેથી...



નરેન્દ્ર રાઠોડ
પ્રમુખ

ન્યૂ તરસનો ઑક્ટોબર ૨૦૨૪ નો ઈ-અંક રજુ કરતા આનંદ અને ગર્વની લાગણી અનુભવીએ છીએ.

ન્યૂ તરસ દ્વારા સંઘ તેમજ શાખાઓ દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમોની ત્રિમાસિક માહિતી આપ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરીયે છીએ.

સંસ્થાની ૮૦મી વાર્ષિક સામાન્ય સભા સંજોગવશાત આ વર્ષે શનિવાર તા.૨૮મી સપ્ટેબર, ૨૦૨૪ના રોજ રાખવામાં આવી હતી. કેટલાક સભાસદોના સરનામા, સંપર્ક નંબરો સંસ્થાના રેકોર્ડ માં અપડેટ ન હોવાથી અહેવાલો સભાસદો સુધી પહોંચાડવામાં અગવડતા પડે છે, ઘણા અહેવાલો રીટર્ન આવે છે, એટલે હવે જેમના મોબાઈલ નંબર છે એમને ડિજિટલ મોકલવાનું શરૂ કર્યું છે. સંસ્થાના દરેક સભાસદોને તેમનું સરનામું અને સંપર્ક નંબર સંસ્થાના રેકોર્ડ માં અપડેટ કરાવવા તમારી નજીકની શાખાના પદાધિકારીઓનો સંપર્ક કરવા વિનંતી.

સંસ્થાનો મનોરંજન કાર્યક્રમ - ગુજરાતી નાટકનું આયોજન ૨૫મી ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ આશપી ઑડિટોરીયમ, મલાડ (પશ્ચિમ), મુંબઈ ખાતે કરવામાં આવ્યું છે, દરેકને ટિકિટ, પાસ, ખરીદી કે સોવેનીયરમાં જાહેરાત આપી સહભાગી થવા વિનંતી.

પહેલાની અંધેરી વિલે પાર્લે શાખામાં જોગેશ્વરી અને સંતાક્રુઝ વિસ્તાર નો સમાવેશ કરી શાખાને પુનઃ ચાલુ કરવામાં આવી અને આ શાખા એ સુંદર વિદ્યાર્થી લક્ષી કાર્યક્રમ કર્યો. ટીમને અભિનંદન સહ આભાર.

આ ન્યૂ તરસ દરેક સભ્યો સુધી નિઃશુલ્ક પહોંચે છે. સંઘના મુખપત્રમાં જાહેર ખબર આપી સમાજના બહોળા વર્ગ સુધી પહોંચી શકાય.

આપના અભિપ્રાય / સૂચનો આવકાર્ય છે.

| | | |
|---|---|---|
| **કંચનલાલ માણેક** | **નરેન્દ્ર રાઠોડ** | **હેમંત મગોદિયા** |
| **મેનેજીંગ ટ્રસ્ટી** | **પ્રમુખ** | **મહા મંત્રી** |





વિદ્યાર્થિ સન્માન કાર્યક્રમ - ૧૫/૦૮/૨૦૨૪

શ્રી એમ એસ પી સંઘ દ્વારા વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ ગુરુવાર તા.૧૫ મી ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ બપોરે ૩.૦૦ વાગ્યે સંઘના વાતાનુકુલીત, શ્રીમતી રેવાબેન ઘડિયાળી સભાગૃહ, કૈલાશપુરી, અપર ગોવિંદ નગર, મલાડ પૂર્વ મુંબઈ ૪૦૦૦૯૭ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ ના મુખ્ય મહેમાન કેપ્ટન એ ડી માણેક, (Pilot , Trainor, Guide, Social worker), અતિથિ વિશેષ ડૉ. જિગીષા રાઠોડ (BPTh. MBA Healthcare) , અતિથિ વિશેષ વક્તા ડૉ. સોનલ પટેલ (M.A., B.Ed., M. Phil., Ph. D., NET, GSET) હતા.

શરૂઆતમાં સંસ્થાના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ રાઠોડે દરેકનું સ્વાગત કર્યું હતું અને મહેમાનોને દિપ પ્રજ્વલન માટે આમંત્રિત કર્યા હતા. ત્યારબાદ મહેમાનોને સ્ટેજ પર આમંત્રિત કર્યા હતા. સ્વાગત પ્રવચનમાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કંચનભાઈ માણેકે જણાવ્યું હતું કે દેશના આઝાદી ના ૭૮ વર્ષ થયા જ્યારે આપણે ૮૧મો વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ મનાવી રહ્યા છે જે ગર્વની વાત છે.

સંસ્થાના શુભેચ્છકો દ્વારા ,વિવિધ શ્રેણીમા ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને આપવામાં આવતી સ્કોલરશીપ/ ઈનામની જાણકારી સભાને આપી હતી.









ત્યારબાદ, ઉપસ્થિત દરેક વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ તેમજ જે તે શ્રેણીનું રોકડ ઈનામનું વિતરણ કરવામાં આવ્યું હતું. એડવોકેટ શ્રી નગીનભાઈ એસ પટેલ દ્વારા આપવામાં આવતી સ્કોલરશીપનું વિતરણ એમના હસ્તે કરવામાં આવ્યું હતું. બે CA ના અને એક LL.B ના વિદ્યાર્થીઓએ એમનું વક્તવ્ય રજુ કર્યું હતું.

શ્રી એમ એસ પી સંઘના પેટ્રન સભાસદ અને આજના મુખ્ય મહેમાન કેપ્ટન માણેકે પોતાની કારકિર્દી - કેવી રીતે ખેડૂત પુત્ર થી પાયલોટ સુધી પહોંચ્યાની જાણકારી સભામાં આપી હતી. આ સંદર્ભમાં એક પુસ્તક પ્રકાશિત થયું હતું -ઉડાન એક મજદૂર બચ્ચે કી, તેની કેટલીક પ્રતો સંસ્થાને ભેટ આપી હતી અને જણાવ્યું હતું કે એના વેચાણથી આવેલ આવક સંસ્થામા જમા કરાવવી. સંસ્થાએ કેપ્ટન માણેક નો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

અતિથિ વિશેષ વક્તા ડૉ. સોનલબેન પટેલે પણ જીવનોપયોગી જીવનમાં ઉપયોગી, પ્રોત્સાહિત વક્તવ્ય રજુ કર્યું હતું.

અતિથિ વિશેષ ડૉ. જિગીષા રાઠોડ, ફિઝિઓ થેરાપીસ્ટ હોવાથી શારીરિક સમસ્યાને લગતી ઘણી જ ઉપયોગી માહિતી સભાને આપી હતી.

શ્રી નિતીન ભાઇ પટેલે કાર્યક્રમની સ્વૈચ્છિક ફોટોગ્રાફી કરી હતી. સંસ્થાએ દરેકનો આભાર વ્યક્ત કર્યો હતો.છેલ્લે રાષ્ટ્રગીત અને પછી અલ્પ આહારથી સભાનું સમાપન કરવામાં આવ્યું હતું.









## વાર્ષિક સામાન્ય સભા

શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘની ૮૦મી વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા.૨૮-૦૯-૨૦૨૪ના રોજ બપોરે ૩.૦૦ કલાકે શ્રીમતી રેવાબેન ઘડિયાળી સભાગૃહ , ૧૩૯ કૈલાશપુરી અપર ગોવિંદ નગર, મલાડ પૂર્વ મુંબઈ ૪૦૦૦૯૭ ખાતે રાખવામાં આવી હતી.

કોરમના અભાવે સભા અડધો કલાક મોકૂફ રાખવામાં આવી હતી અને ત્યાર બાદ એજ સ્થળે સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

પ્રમુખશ્રી નરેન્દ્ર રાઠોડે દરેકનું સ્વાગત કર્યું હતું. ગત વર્ષ દરમ્યાન અવશાન થયેલને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. દહાણું શાખાના માજી પ્રમુખ અને માજી મંત્રી શ્રી દિપકભાઈ ધનજી ભાઈ દેવાનું ગઈકાલે જ (તા.૨૭-૦૯-૨૦૨૪) અવસાન થયું હતું જેની નોંધ લઈ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કંચનભાઈએ સંસ્થા વિષેની ટુંકમા માહિતી આપી હતી અને મહામંત્રી શ્રી હેમંત મગોદિયાને એજન્ડા મુજબ કાર્યવાહી કરવા જણાવ્યુ હતુ.

મહામંત્રી શ્રીએ જણાવ્યું હતું કે સંસ્થાના લગભગ ૫૬૦ જેટલા મેમ્બર્સને આ વાર્ષિક અહેવાલની ઈ-કોપી મોકલાવી છે અને બીજા સભ્યોને પોસ્ટ કર્યા છે. દરેક સભ્યોને જણાવ્યું કે તેમનો મોબાઈલ નંબર સંસ્થાના રેકોર્ડમાં અપડેટ કરાવે જેથી સંસ્થાની માહિતી દરેક સભ્યો સુધી સમય પર પહોંચી શકે.

સાથે સાથે  એ પણ જણાવ્યું કે આ વર્ષે સંજોગવશાત વાર્ષિક સામાન્ય સભા શનિવારે રાખવા પડી છે.

પૂરો અહેવાલ વાંચવાનીના પાડતા, વર્ષ





દરમ્યાન સમિતિ દ્વારા કરવામાં આવેલ નોંધ પાત્ર કામોની જાણકારી સભાને આપી હતી , જે નીચે પ્રમાણે છે. (જેનો ઉલ્લેખ વાર્ષિક અહેવાલમાં ન હતો)

**સમિતિ દ્વારા ગત વર્ષ દરમયાન કરેલ કાર્યોવિષે:**

હોલની જરૂરિયાત મુજબ નૂતનીકરણ કામ કરવાનું કારોબારી સમિતિ અને ટ્રસ્ટ મંડળે નક્કી કર્યું. આસપાસની મોટી મોટી બિલ્ડીંગના લોકોને પણ હોલની જરૂરિયાત હોય છે જેઓ આ હોલની કન્ડિશન જોઈ બુક કરતા ન હતા. સમય પ્રમાણે હોલને પણ બેંકવેટ બનાવવાનું નક્કી કર્યું અને સભ્યો, ખાસ કરીને ટ્રસ્ટ મંડળના સભ્યો, કારોબારી સભ્યો તેમજ દાનવીરોએ દાન આપતા અને કારોબારી સભ્ય શ્રી રણજીતભાઈ પટેલ ના સહયોગથી આ હોલ બનાવી શક્યા.

આ હોલને ભાડા માટે ત્રણ ક્વોટેશન મંગાવ્યા. જેમાંથી વધારે રકમનું White Swanનું ક્વોટેશન મંજુર કર્યું જે વાર્ષિક રૂ.૨૫ લાખ નું હતું. તેને એક વર્ષ માટે એગ્રીમેન્ટ અને MOU કરાર કર્યો હતો(૧/૧૧/૨૩ થી ૩૧/૧૦/૨૪).

સરીબુજરંગ પ્લોટ -

૮/૪/૨૦૨૩ - પદાધિકારીઓની વિઝિટ

૪/૬/૨૦૨૩- કમ્પાઉન્ડ દીવાલનું કામ શરૂ

૧૦/૬/૨૦૨૩ - બોરવેલનું કામ કર્યું

૧/૮/૨૦૨૩ - કમ્પાઉન્ડનો દરવાજો લગાવ્યો

૨૧/૧૧/૨૦૨૩ - ગણદેવી, ચીખલી અને નવસારી શાખાએ વર્ધાપન દિવસ આ પ્લોટ પર ઉજવ્યો.

(સરીબુજરંગ, અમલસાડ પ્લોટ સમિતિ તેમજ ગામ જનો- ખાસ કરીને શ્રી રવિન્દ્રભાઇ વર્મા વગેરેના સહયોગથી, ઉપરોક્ત કાર્ય કરી શક્યા. સંસ્થા દરેકનો આભાર વ્યકત કરે છે)

એપ્રિલ ૨૦૨૪ - ક્લોઉડ બેઝ ટેલી સિસ્ટમનું

## ❀ શ્રદ્ધાંજલિ ❀



**સ્વ. પદમાબેન નરેશભાઈ કાશલા**

**સ્વર્ગવાસ: તા.૦૯-૦૬-૨૦૨૪**

શ્રી એમ એસ પી સંઘ, વિરાર શાખાના કારોબારી સભ્ય તરીકે કાર્યરત પદ્માબેન નરેશભાઈ કાશલાનું તા. ૦૯/૦૬/૨૦૨૪ ના રોજ દુખદ અવસાન થયું હતું.

***પ્રભુ સદગત ની આત્મા ને પરંમ શાંતિ અર્પણ કરે અને કુટુંબીજનો પર આવી પડેલ દુખ ને સહન કરવા ની શક્તિ આપે એવી પ્રાર્થના.***

**લિ. શ્રી એમ એસ પી સંઘ પરિવાર**

અમલ કર્યું. હવે આ વર્ષે દરેક શાખાઓને આ સિસ્ટમ સાથે જોડી accounting system રેગ્યુલર કરવાનો પ્લાન છે.

૨૫/૪/૨૦૨૪ - CSR (Corporate Social Responsibility) મેળવ્યું.

સંસ્થા ના FCRA (Foreign Currency Regulation Act) માટે પણ અરજી કરી છે.

૨૧/૫/૨૦૨૪ - સંસ્થાનો લોગો , મુદ્રાલેખ અને નામ રજીસ્ટર્ડ થયા.

૧૦/૮/૨૦૨૪ - NGO દર્પણ અમેન્ડ કર્યું (૬/૧૨/૨૦૧૮માં વલસાડ શાખા દ્વારા મેળવેલ હતું)

આજીવન સભાસદ નું લિસ્ટ, એજ્યુકેશન લોનનું લિસ્ટ કોમ્પ્યુટરાઈઝ્ડ કર્યું. જુના રેકોર્ડનું બાઈન્ડીંગ કરાવ્યું વગેરે.

પારડી શાખાને અને અંધેરી-વિલે પાર્લે શાખા જે સુષુપ્ત અવસ્થામાં હતી તેને ફરીથી એકટીવેટ કરી.

સભાએ સમિતિ દ્વારા કરવામાં આવેલ કાર્યોની તાળીઓ પાડી સરાહના કરી હતી.

ખજાનચી શ્રી ગિરિશભાઇ રાઠોડે, વર્ષ ૨૦૨૩-૨૪ નો વાર્ષિક આવક-જાવક અને બેલેન્સ શીટ અને વર્ષ ૨૦૨૪-૨૫ માટેનુ અંદાજપત્ર રજુ કર્યુ હતુ, જે સભા એ મંજુર કર્યુ હતુ.

અંતે, ઉપપ્રમુખ શ્રી અરુણભાઇ પટેલે દરેકનો આભાર વ્યક્ત કર્યો હતો અને સર્વને અલ્પાહાર માટે આમંત્રિત કર્યા હતા.

**જે વાત**
**ભૂખ્યું પેટ અને ખાલી ખિસ્સું**
**શિખવે છે તે વાત,**
**કોઈપણ**
**શિક્ષકશ્રી શિખવી શકે નહિં.**

**અનસૂયા કુંવરજી બારોટ**
**૯૮૬૯૨૨૬૭૭૮**

## શાખા સમાચાર

### (જાન્યુઆરી ૨૦૨૪ના અંકમાં છપાયું ન હતું.)




પારડી - વાપી શાખા દ્વારા રવિવાર તા. ૧૯-૧૧-૨૦૨૩ ના રોજ વિદ્યાર્થી સન્માન તેમજ તેજસ્વી તારલા ના સન્માનના કાર્યક્રમનું આયોજન ઓરવાડ, એફલિંગજી હોલ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી ભારૂલતાબેન પટેલ-કામ્બલે (લોયર- ભૂતપૂર્વ અધિકારી- કેન્દ્ર સરકાર બ્રિટન વિશ્વ રેકોર્ડ ધારક) અને શ્રીમાન ડૉ.સુબોધ કામ્બલે (Prish multi speciality Hospital centre for Urocare prostate - Surat ) ઉપસ્થિત રહ્યા હતા. અને અતિથિ વિશેષ તરીકે શ્રી હસમુખભાઈ એમ રાઠોડ, શ્રી જયંત ભાઈ ઉદવાડીયા , ડૉ. રચના નરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ધોરણ ૧૦, ૧૨ પાસ તેમજ ગ્રેડ્યુએટ, ડૉક્ટર, વકીલ તેમજ વિશેષ સિદ્ધિ પ્રાપ્ત વિદ્યાર્થીઓનું શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાખા વિસ્તાર ના ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને વાલીઓ હાજર રહ્યા હતા.

કાર્યક્રમનું સુંદર સંચાલન બે વિદ્યાર્થીનીઓએ કર્યું હતું કુમારી સિદ્ધિ માહ્યાવંશી અને કુમારી ધ્રુવી વજેરિયા - જે ખરેખર પ્રસંશાને પાત્ર હતું.

કેન્દ્રીય કાર્યાલયના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ રાઠોડ, ઉપ પ્રમુખ શ્રી અરુણભાઈ પટેલ, મહામંત્રી શ્રી હેમંત મગોદિયા, સહમંત્રી શ્રી સુભાષભાઈ બારોટ કારોબારી સભ્ય, શ્રી ધર્મેશભાઈ રાઠોડ વગેરે હાજર રહ્યા હતા.

છેલ્લે શાખા પ્રમુખશ્રી જીતેન્દ્રભાઈ માહ્યાવંશીએ દરેકનો આભાર માની સ્વરુચિ ભોજન માટે આમંત્રિત કર્યા હતા.





ચીખલી શાખાનો તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ, વિશિષ્ટ પ્રતિભાશાળી વિદ્યાર્થી સન્માન, આર્થિક સહાય, મેરીટ સ્કોલરશીપ તેમજ સેવા નિવૃત્ત કર્મચારીઓનો સન્માન સમારોહ રવિવાર તા.૧લી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ચીખલી ખાતે યોજાયો હતો. જેમાં શ્રી એમ એસ પટેલ (કાર્યપાલક ઈજનેર , માર્ગ અને મકાન વિભાગ, નવસારી) અધ્યક્ષ સ્થાને, શ્રી ચંદ્રકાન્તભાઈ ડી. રાઠોડ (નિવૃત એક્ઝિકયુટીવ સિગ્નલ અને ટેલિકોમ ઈજનેર મુંબઈ) મુખ્ય મહેમાન તરીકે તેમજ ડૉ. મોહિત રાઠોડ (એમ ડી એનેસ્થેસિયા), શ્રી રમેશભાઈ ઝેડ રાઠોડ (નિવૃત્ત શિક્ષક, હીરાચંદ ધુળચંદ હાઈસ્કૂલ , અમલસાડ), ડો. ધ્વની ગોવિંદભાઈ રાનવેરીઆ (એમ ડી એસ ઓરલ અને મેક્સવેલો ફેસીઅલ સર્જન ) અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

શાખા પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મજીગામકારે સર્વનું સ્વાગત કર્યું અને જણાવ્યું કે આગલા વર્ષે શાખા ૨૫ વર્ષ પુરા કરશે ,








આ રજત જયંતિ મહોત્સવ ખુબ ધામ ધૂમથી ઉજવવામાં આવશે. કન્યા કેળવણી યોજના અંતર્ગત રૂ. ૧૧ લાખનું ભંડોળ ભેગું કરી, સમાજની જરૂરિયાત મંદ દીકરીઓને શિક્ષણ ક્ષેત્રે સહાય કરવા આ ભંડોળનો ઉપયોગ કરાશે.

ત્યારબાદ મહેમાનોનું પુષ્પગુચ્છ અને સ્મૃતિ ભેટ અર્પણ કરી અને તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.



શ્રી એમ એસ પટેલે કાર્યક્રમની સરાહના કરી હતી અને જણાવ્યું હતું કે જો સમાજ વ્યસનથી દૂર રહેશે તો સમાજની પ્રગતિ ચોક્કસ થશેજ.

શ્રીમતી દર્શનાબેન મજીગામકર દ્વારા બનાવેલ સંસ્થાના લોગો વાળી રંગોળીએ લોકોનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. દર્શનાબેનને અભિનંદન.

કાર્યક્રમને સફળ બનાવવા ચીખલી શાખાના કાર્યકર્તાઓએ ખુબ જ મહેનત કરી હતી, દરેકનો આભાર.

# પેટ્રન/ આજીવન સભાસદો આ ત્રિમાસિકમા જોડાયા

## પેટ્રન સભાસદ

શ્રી કુશજ હેમંતભાઈ જાખીયા

## આજીવન સભાસદ

શ્રીમતી સુષમાબેન વિજયભાઈ રાઠોડ
શ્રી ભરતભાઈ બાવજીભાઈ સોલંકી
શ્રીમતીભાવિશા મિતેષ મેહવાલા
શ્રી જુગલ મિતેષ મેહવાલા
શ્રી હસમુખલાલ લલ્લુભાઈ ભાગલીયા
શ્રીમતી ચેતનાબેન હસમુખલાલ ભાગલીયા
શ્રી ભાર્ગવ હસમુખલાલ ભાગલીયા







સંઘની વલસાડ શાખાનો આર્થિક સહાય વિતરણ કાર્યક્રમ રવિવાર તા ૮-૯-૨૪ના રોજ બપોરે ૨-00 કલાકે શિક્ષણ ભવન, સ્વ. ભગવાનદાસ માર્કર સભાખંડ, વલસાડ મા, કુ. કલ્યાણી અશોકભાઇ કલ્યાણી, સહાયક, રાજયવેરા કમિશનર વર્ગ-૧ સુરતના અતિથિ વિશેષ સ્થાને રાખવામાં આવ્યો હતો

શરૂઆતમા કેન્દ્રના મહામંત્રી શ્રી હેમંતભાઇ મગોદીયા અને ઉપપ્રમુખ શ્રી સંજીવભાઇ હરિયાકરનું તથા કુ. કલ્યાણીબેનનું પુષ્પથી શાખાના હોદેદાર દ્વારા સ્વાગત કરવામા આવ્યું હતુ.

શાખા પ્રમુખ શ્રી ધીરજ હલધરે વિદ્યાર્થીઓને કેન્દ્ર તરફથી મળતી આર્થિક સહાય વિશેની માહિતિ આપી હતી.

ત્યારબાદ કુ. કલ્યાણીનું શાલથી સન્માન શ્રી હેમંતભાઇ અને શ્રી સંજીવભાઇ દ્વારા અને મોમેન્ટોથી સન્માન શ્રી ધીરજ હલધર દ્વારા કરવામાં આવ્યું હતું.

કુ. કલ્યાણીએ એમના પ્રત્યુતરમાં સૌનો આભાર માન્યો હતો.

ત્યાર બાદ ૯૮ જેટલા વિદ્યાર્થીઓને કુલ્લે રૂ. ૧,૮૩,000/- ની આર્થિક સહાય, ચેક દ્વારા મહાનુભવોના હસ્તે વિતરણ કરવામા આવી હતી

અંતે શ્રી કૈલાશભાઈ રાઠોડે આભાર વિધી કરી હતી અને અલ્પ આહારલઈ સૌ છુટા થયા હતા.

## ❀ શ્રદ્ધાંજલિ ❀



## સ્વ. દિપકભાઈ ધનજી દેવા

**સ્વ. દિપકભાઈનું દુઃખદ નિધન, શનિવાર તા. ૨૮-૯-૨૪**

સંસ્થા ની દહાણુ રોડ શાખાના મંત્રી પદ પર વર્ષ ૨00૬ થી ૨૦૧૮ સુધી કાર્યરત હતા. ત્યાર બાદ ૨૦૧૮ થી ૨૦૨૦ દરમ્યાન સમિતીમા શાખા પ્રમુખ તરીકે કાર્ય કર્યું હતું અને હાલમા શાખાના કારોબારી સભ્ય તરીકે કાર્યરત હતા.

*પ્રભુ સદગત સ્વ. દિપકભાઈની આત્માને પરમ શાંતિ અર્પણ કરે અને કુટુંબીજનો પર આવી પડેલ દુઃખને સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના.....*

**લિ. શ્રી એમ એસ પી સંઘ પરિવાર**










સંઘની અંધેરી વિલે પાર્લે શાખાના વિસ્તાર માં જોગેશ્વરી અને સાંતાક્રુઝ વિસ્તારનો સમાવેશ કરી શાખાની રચના કરવામાં આવી. આ શાખા દ્વારા આ વિસ્તાર ના ધો.૧ થી ધો.૯ સુધીના વિદ્યાર્થીઓના સન્માનનો પ્રથમ કાર્યક્રમ રવિવાર તા.૨૯-૦૯-૨૦૨૪ના રોજ ઓલા બેંકવેટ , વાકોલા, સાંતાક્રુઝ પૂર્વ , મુંબઈ ખાતે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે નાની દમણ, રીંગણવાડાના વાતની અને મુંબઈ હાઈ કોર્ટના પ્રસિદ્ધ એડવોકેટ શ્રી વિજેન્દ્ર જબરા, અતિથિ વિશેષ તરીકે પ્રિન્સિપાલ શ્રીમતી ભારતીબેન કંથારીયા અને શિક્ષિકા શ્રીમતી પ્રેમિલા બેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં ધો.૧ થી ધો.૯ સુધીના વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ અને સ્કૂલ બેગ આપી સન્માનિત કર્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય કાર્યાલયના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ રાઠોડ, ઉપ પ્રમુખશ્રી અરુણભાઈ પટેલ, મહામંત્રી શ્રી હેમંતભાઈ મગોદિયા, સહમંત્રી શ્રી સુભાષભાઈ બારોટ, કારોબારી સભ્ય શ્રી રણજીતભાઈ પટેલ, શુભેચ્છક શ્રી ધર્મેશભાઈ વાડેકર, શ્રી ચિરાગભાઈ પટેલ, શ્રી જીતેન્દ્રભાઈ મેહતા, શ્રી જયંતીભાઈ રાઠોડ, શ્રી યોગેશભાઈ જે પટેલ, શ્રી સુશીલભાઈ દમણિયા, શ્રી ભરતભાઈ સોલંકી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રમુખ શ્રી સુરજભાઈ જબરા, મંત્રી શ્રી ગીરીશભાઈ વાંઝવાલા, ખજાનચી શ્રી સુરેશભાઈ રાઠોડ, શ્રી ભરતભાઈ પટેલ દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું. છેલ્લે પ્રમુખ શ્રી સુરજભાઈ જબરા, મંત્રી શ્રી ગીરીશભાઈ વાંઝવાલાએ દરેકનો આભાર વ્યક્ત કર્યો હતો અને સર્વને અલ્પાહાર માટે આમંત્રિત કર્યા હતા.








સંઘની નવસારી શાખાનો તેજસ્વી તારલાનો સન્માન સમારોહનો કાર્યક્રમ રવિવાર તા.૧૩-૧૦-૨૦૨૪ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે શ્રી મોઢ ઘાંચી પંચની વાડી, દુધિયા તળાવ, નવસારી ખાતે યોજાયો હતો.

આ કાર્યક્રમમાં પ્રમુખ સ્થાને શ્રી જીતેન્દ્રભાઈ રાઠોડ, શ્રીમતી છાયાબેન રાઠોડ, મુખ્ય મહેમાન તરીકે શ્રી રાજેન્દ્રકુમાર રાઠોડ, શ્રીમતી ઉષાબેન રાઠોડ તેમજ અતિથિ વિશેષ તરીકે શ્રી ગીરીશભાઈ બારોટ, શ્રી મનહરભાઈ સોલંકી અને શ્રી નગીનભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત કુ. ભાવિનીના સ્વાગત ગીતથી કરવામાં આવી હતી.

આ પ્રસંગે શાખા વિસ્તારના ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા તેમજ વિવિધ શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ હાસિલ કરનાર તેજસ્વી તારલાઓનું સન્માન મહાનુભાવોના હસ્તે પ્રશંસાપત્ર અને સ્મૃતિ ભેટ આપી કરવામાં આવ્યું હતું.

સાથે સાથે શાખા વિસ્તારના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાયનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ થકી શાખા એ રૂ. ૨.૫૦ લાખનું ભંડોળ ભેગુ કર્યુ હતું, શાખા પ્રમુખ શ્રી નગીનભાઈ અને ટીમ ને અભિનંદન સહ આભાર.

કેન્દ્રિય કાર્યાલયના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ રાઠોડ, સહમંત્રી શ્રી સુભાસભાઈ બારોટ, શ્રી ગીરીશભાઈ વાંઝવાલા, ખજાનચી શ્રી ગીરીશભાઈ રાઠોડ, કારોબારી સભ્ય શ્રી રણજીતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને શાખાની પ્રવૃત્તિને બિરદાવી હતી.










શાખા પ્રમુખ શ્રી નગીનભાઈ કે રાઠોડ તેમજ પુરી ટિમ દ્વારા ખુબજ મહેનત કરી કાર્યક્રમને સફળ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રી જયંતભાઈ પટેલ, શ્રીમતી મીનાબેન રાઠોડ અને કુ. હિરલ પટેલ દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

છેલ્લે શાખાના ખજાનચી શ્રી પ્રવિણભાઈ ભગતે સર્વનો આભાર માન્યો હતો અને સર્વને સુરુચિ ભોજન માટે આમંત્રિત કર્યા હતા.



## જાહેરખબર

**સંસ્થાનાં મુખ-પત્રમાં જાહેરખબર આપી સમાજમાં બહોળા વર્ગને પહોંચવા માટે જાહેરખબરનાં દરો નીચે પ્રમાણે છે.**

**અંદરનું પાનું :**

| | | | |
|---|---|---|---|
| કલર | : | આખું પાનું | રૂા.૩૦૦૦/- |
| કલર | : | અડધુ પાનું | રૂા.૧૫૦૦/- |


**સંઘનું મુખ-પત્ર બધા જ સભ્યોને વિનામુલ્ય મોકલવામાં આવે છે.**

# સ્વરચિત કવિતા

## રહેવાદ્યો ને બાળપણમાં

મને રહેવાદ્યો ને મારા બાળપણમાં રે...
મને રહેવાદ્યો ને મારા બાળપણમાં
એ નિર્મળ, નિર્દોષ, કોમળ વિચારોમાં ઝૂરવું છે,
મારે બધામાં કોમળતા નિહાળવી છે,
મારા હૃદયને કોમળ રહેવાદ્યો ને,
મને રહેવાદ્યો ને મારા બાળપણમાં
મને રહેવાદ્યો ને મારા બાળપણમાં,
જ્યાં નથી જોવાતી ખામીરે,..
જ્યાં નથી કોઈ પક્ષપાત, તને ગમેતે
તુ કર, મનેગમે એ હું કરું, બન્ને મળીને
કંઈક સારુ જ કરીએ, કંઈક નવુંજ બનશે,
મને રહેવાદ્યો ને મારા બાળપણમાં
જ્યાં માં માટે અપાર સ્નેહ, પપ્પાનું
રહે માન, રહે ભાઈ -બહેન સાથે
મસ્તીભરી હૂંફ, વડીલોના સમ્માન
સાથે તેમનો કોમળ સ્નેહ મળે,
હૈયું આનંદ પામે, હોઠ સ્મિત કરે,
ચહેરો હરખે ચમકે, મને રહેવાદ્યો ને
મારી કોમળતા માં....
જ્યાં દરેક સબંધોને નિર્દોષતાથી
જોવાય, પ્રગતિ અને ઉંમર વધવા
સાથે નવી શીખને સમ્માનથી આવકારાય,
હરક્ષણ મારા વ્હાલા પરિવારના
સભ્યોને જોઈને મારા ચહેરે સ્મિત વરસે,
આગંતુક મહેમાન, નવા સભ્યોના માટે સસ્નેહ સમ્માન
રહે,
મને રહેવાદ્યો ને મારા બાળપણમાં
મોટા થઈ પ્રગતિ જરૂર કરું,
પૈસા કમાવા જરૂરી પણ લાલચ ને ન પ્રવેશવા દઉં,
હું તમને સમજું પણ તમે પણ મને
સમજજો નહીંતર મારી કોમળતા
વિખેરાઈ જશે,
હું ફરજ પ્રત્યે સતત સભાન -સજાગ રહું,
પણ તમે મારામાં રહેલી નિર્દોષતાને ભૂલશો નહીં...,
નથી થવું ચીટર, નથી રંગાવું લોભ -લાલચમાં, ચેતેલુ
રહેવું છે, નથી રહેવું મૂર્ખ બસ એટલું જોઈએ, મારી
નિર્દોષતા, મારી કોમળતા,
મારી નિર્મળતા ને વિખેરશો નહીં..,
મને રહેવાદ્યો ને મારા બાળપણમાં,
મને જીવવાદ્યો ને મારા
ભોળપણમાં...
નથી અજાણ હું બદલાતા સમયથી,
નથી અજાણ હું બદલાયેલા લોકોથી
પણ, ગમેછે મને નિહાળવી દરેકમાં
રહેલી નિર્દોષતા, માનવતા..,
નથી કાઢવી ખોડ કોઈની,
નિહાળવીછે નિર્દોષતા દરેકમાં,
નિહાળવી છે મારે કોમળતા..,
મને રહેવાદ્યો ને મારા ભોળપણમાં...,
નથી જોઈતું કેજીયાને સ્થાન,
નથી જોઈતું આડમ્બર,
નિહાળવી છે મારે કુશળતા,
નિહાળવી છે મારે નવીનતા,
શોધવું છે દરેકમાં સારાપણુ....
મને રહેવાદ્યો ને મારા બાળપણમાં..,
હું ગમે તે શિખરે પોહચું,
છતાં મને માત્ર મારી નિર્દોષતામાં જ રહેવાદ્યો...
રહેવાદ્યો ને મને મારા ભોળપણ માં..
મને રહેવાદ્યો ને મારા બાળપણ માં..

-શીતલ જી. રાઠોડ




Strategies and techniques differ with each poem, depending on the content, the Central idea and tone (attitude / stand or point of view, expressed in the poem.) Let us critically examine the poem. 'She walks in beauty' written by Lord Byron in HSC, The teacher will have bring the feeling sensitively to students in appreciating beauty and all its varied mysterious features.

While teaching the poem 'She walks in beauty' the teacher will have to make learners (students) appreciate the beauty of nature, making subtle comparison between the beauty of nature, reflected in the sky and elsewhere. The warm interaction between the teacher and the students is to be somewhat as under :

T : How does the sky appear at the time of sunset?

S : Colorful and beautiful

T : Can you see every detail in this picture of the sky in the evening?

S : Yes Sir ! almost all details birds returning to their nests, the colorful sky.

T : And what about the sky at night?


S: It is beautiful. All those stars and the moon... its wonderful. But you cannot see the details.

After encouraging students to discuss the beauty of faint colors in comparison with showy colors during the day, the teacher may need to bring home to them the darkness of night sky and the star like brightness of the beautiful eyes. This will help the students to understand the last two lines of the first stanza.

In the second stanza, the past depicts the more subtle and divine aspects of her beauty. The peaceful and pleasant thoughts reflected in the expression of her face show endearing qualities of her mind.

In the third stanza the poet depicts the winningly charming smiles on her face. The smiles express her happy life reflecting her quality of being good to others. They also reflect her mind which is full of peace and full of innocent love.

**Prin.: K.P. Barot "Nilesh"**
**9869226778**




**PERIODICAL TEST** Marks 10

*Do as direct :*

1. *It is too heavy to be lifted (Make it a complex sentence)*
2. *Alfred was the best king that ever reigned in England. (Make it Negative)*
3. *She came here to see me (compound)*
4. *Waste not, want not. (Make it a complex Sentence)*
5. *He had been writing a letter (Change the voice)*
6. *Brucelee was the strongest man. (comparative degree)*
7. *It is more remarkable than most other stories (positive degree)*
8. *As soon as I went away, he cried. (No sooner than)*
9. *Where blossoms kiss and part. (Name the figure of speech)*
10. *"Who are you, lady?" he asked (turn into indirect speech)*

*Students may avail their assignments duly corrected at their residence free of charge if extra postal envelope is made available.*

**Prin. K.P. Barot "Nilesh"**
M.Ed., B.A. (Lit) D.J. F.I.C.A.
12/79, Jyoti Nagar, Near RTO,
Andheri (W), Mumbai - 400 053.
M.: 9869226778

## Board of Trustees 2022-25

શ્રી કંચનલાલ ડી માણેક (મેનેજિંગ ટ્રસ્ટી )
શ્રી મોહનભાઇ એફ પટેલ
શ્રી રાજેશભાઈ એન સરાવ્યા
ડૉ. અરવિંદભાઈ પટેલ
શ્રી ગુલાબભાઇ બારોટ
શ્રીમતી નિલમબેન એન રાઠોડ
શ્રીમતી રેણુકાબેન સોલંકી
શ્રી જયંત આર ઘડિયાળી
શ્રી રજનીકાંતભાઈ પટેલ
શ્રી હસમુખભાઇ મજીગામકર
શ્રી ચેતનભાઈ રાનવેરીઆ
શ્રીમતી મિતાબેન સૂર્યવંશી

## Managing Committe 2022-25

પ્રમુખ શ્રી નરેન્દ્ર રાઠોડ
ઉપ પ્રમુખ શ્રી સંજીવ હરિયાકર
સહ મંત્રી શ્રી ગીરીશ વાંઝવાલા
સહ મંત્રી શ્રી ઉમેશ જાદવ
ઉપ પ્રમુખ શ્રી અરુણભાઈ પટેલ
મહા મંત્રી શ્રી હેમંત મગોદિયા
સહ મંત્રી શ્રી સુભાષ બારોટ
ખજાનચી શ્રી ગીરીશ રાઠોડ

### સભ્યો

શ્રી ધર્મેશભાઈ એમ રાઠોડ
શ્રીમતી જયશ્રી યુ. તવડીયા
શ્રીમતી દુર્ગાબેન ડી રાઠોડ
ડૉ. સોનલ વહાણવાલા
શ્રીમતી ભારતી એસ સુરતી
શ્રી રણજિત ડી પટેલ
શ્રી નગીનભાઈ કે રાઠોડ
ડૉ. હેમંત જી જાખીયા
શ્રી નટવરલાલ (નટુભાઈ) એમ પટેલ
શ્રી તેજસકુમાર એમ રાધારી

## (૧) શાખા સમન્વય સમિતિ

શ્રી ચેતનભાઈ રાનવેરીઆ
શ્રી સુભાષભાઈ બારોટ
શ્રી અરુણભાઈ પટેલ
શ્રી ગીરીશભાઈ રાઠોડ
શ્રી નટુભાઈ પટેલ

## (૨) જનસંપર્ક સમિતિ

શ્રી સંજીવભાઈ હરિયાકર (સંયોજક)
શ્રી ગીરીશભાઈ વાંઝવાળા
શ્રીમતી ભારતીબેન સુરતી
શ્રી ઉમેશભાઈ જાદવ,
શ્રીમતી જયશ્રીબેન તવડીયા
ડૉ. સોનલબેન વહાણવાલા

## (૩) કાયદાકીય સમિતિ

શ્રી અરુણભાઈ પટેલ, (સંયોજક)
શ્રી સંજીવભાઈ હરિયાકર
શ્રી નટુભાઈ પટેલ
શ્રી ગીરીશભાઈ રાઠોડ
ડૉ. હેમંતભાઈ જાખીયા

## (૪) હૉલ હોસ્ટેલ સમિતિ

શ્રી ગીરીશભાઈ રાઠોડ (સંયોજક)
શ્રી ગુલાબભાઈબારોટ
શ્રી સુભાષભાઈ બારોટ
શ્રી ગીરીશભાઈ વાઝવાલા
શ્રી તેજસકુમાર રાધારી
શ્રી રણજીતભાઇ પટેલ

## (૫) સરીબુજરંગ પ્રોજેક્ટ સમિતિ

શ્રી હસમુખભાઇ મજીગામકર
શ્રી નગીનભાઈ કે રાઠોડ (સહ- સંયોજક)
શ્રી મહેન્દ્રભાઈ મજીગામકર
શ્રી રાજેશભાઈ સરાવ્યા
શ્રી અરુણભાઈપટેલ (સહ સંયોજક)
શ્રી સુભાષભાઈ બારોટ
શ્રી ધર્મેશભાઈ રાઠોડ